**RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY**



**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતાબેન શાહ તેમજ અન્ય ઉદ્યોગકારોને સાથે રાખી ગાંધીનગર ખાતે રાજયના ઉર્જામંત્રીશ્રી કનુભાઈ દેસાઈજીની રૂબરૂ મુલાકાત લઈને નાના ઉદ્યોગકારોને પીજીવીસીએલએ ભાવ વધારા સાથે આપેલ બીલને અટકાવવા તથા અમલવારી મુલત્વી રાખવા ધારદાર રજુઆત કરવામાં આવેલ...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતાબેન શાહ તેમજ અન્ય ઉધોગકારોને સાથે રાખી રાજયના માનનીય ઉર્જામંત્રીશ્રી કનુભાઈ દેસાઈજીની ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઈને ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ કે, હાલમાં પી.જી.વી.સી.એલ. કચેરી દ્વારા LT કનેકશન ધારાવતા નાના ઉધોગો ઉપર ઈલેકટ્રીક બીલમાં પાછળથી જુન - ૨૦૨૪ થી જુન - ૨૦૨૫ સુધીનો પીક અવર્સના (એટલે કે સવારે ૭ થી ૧૧ અને સાંજના ૧૮ થી ૨૨ વચ્ચેના) LTMD પાવર વપરાશ ઉપર યુનિટ દીઠ-૪૫ પૈસાના વધારાનો ચાર્જ ગણી મસમોટા વધારાના બીલ ઈશ્યું કરેલ છે. આ વધારો ઉધોગકારોને કોઈપણ જાતની અગાઉ જાણ કર્યા વગર અચાનક જ કરેલ હોય ઉધોગકારોમાં ઘેરાશોક અને આઘાતજનક લાગણી પ્રસરી છે અને તેમા વિસંગતતા પણ ઉદભવી રહી છે. વધુમાં ૪૦ KVA ઉપરના કનેકશન ઉપર જે એવરેજ બીલ આપેલ છે તે ગેર વ્યાજબી છે. તેમજ હાલના એવા કોઈ મીટર નથી કે જે કલાકો-કલાકના મોનીટરીંગ કરી શકે. તેથી આ એવરેજ બીલના કારણે ઘણા નાના ઉધોગોને હજારો રૂપીયાનું આર્થિક ભારણ ભોગવવું પડે તેમ છે. હાલ મંદીના માહોલમાં કેન્દ્ર તથા રાજય સરકાર દ્વારા MSME ઉધોગોને ખુબ પ્રોત્સાહિત કરી રહી હોય ત્યારે આ નિર્ણય લેવો ખુબ જ અયોગ્ય લાગે છે. હાલમાં ઘણાં દેશોની અંદરો-અંદર લડાઈ ચાલી રહી છે. જેનાથી નાના ઉધોગકારોના પૈસા ફસાયેલ હોય તેમજ ઘણાં ઓર્ડરો રદ થયેલ હોય આવી આ કપરી પરિસ્થિતિમાં આવા બિલો આપવા અયોગ્ય છે. તેવુ અમારૂ સ્પષ્ટપણે માનવું છે અને આ કોઈપણ સંજોગોમાં શકય બને તેમ નથી.

આ અંગે માનનીય ઉર્જામંત્રીશ્રી કનુભાઈ દેસાઈજીએ જણાવવેલ કે, ઉધોગકારોને આવા બીલની ભરપાઈ કરવા માટે હપ્તાની વ્યવસ્થા કરી આપીએ. પરંતુ પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ જણાવેલ કે, વર્તમાન પરિસ્થિતિ તથા હાલની મંદીના માહોલમાં હપ્તાની વ્યવસ્થા પણ ઉધોગકારો માટે ફટકારૂપ ગણાશે. અમારૂ એવું સ્પષ્ટપણે માનવું છે કે આવા બીલ રદ થવા જોઈએ. તેથી જયા સુધી આનું કોઈ નકકર નિરાકરણ ન આવે ત્યાં સુધી કોઈપણ સંજોગોમાં આ નિર્ણયની અમલવારી મુલત્વી રાખવી. તેમજ ઉધોગકારોને આવા ભીલ ભરપાઈ કરવાનું દબાણ કરવુ નહી. જેથી ખરા અર્થમાં રાજય સરકાર દ્વારા ઉધોગકારોના હિતમાં નિર્ણય લીધેલ ગણી શકાય અને મંદીના માહોલમાં ઉધોગકારો માટે એક આશાનું કિરણ બની રહેશે. તેવી ધારદાર રજુઆત કરવામાં આવેલ હતી. તેમ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની અખબારી યાદીમાં જણાવેલ છે.